શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત

પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો

ધોરણ – ૪

ગણિત

સત્ર – ૨



shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education



વર્ગ શિક્ષકશ્રીનું નામ : ....

વર્ગ : ....

શાળાનું નામ : ....

તાલુકો : .... જિલ્લો : ....

ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.

શિક્ષણ સાગર

પ્રાસ્તાવિક

સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગીશક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શક્તિઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?

જવાબ : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે – તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન – અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન – અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક – A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક – A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન – અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે – તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરૂં આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન – અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક –A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે – તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન – રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

રચનાત્મક મુલ્યાંકન પત્રક　　વિષય- ગણિત　　ધોરણ - ૪　　(દ્રિતીય સત્ર)

શાળાનું નામ :　　**તા.**　　**પત્રક :- A**　　**સને : 2022-23**

ક્ર.નં.	વિદ્યાર્થીનું નામ	8. ગાડું અને પૈડા			9. અડધું અને પા			10. પેટર્ન ની રમત			11. ઘડિયા અને ભાગાકાર		12. કેટલું ભારે ? કેટલું હલકું ?				13. ખેતર અને તેની ફરતે વાડ		14. સ્માર્ટ ચાર્ટ			શિક્ષણ સાગર			
		M403.6 વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસની સંકલ્પના સમજે છે.	M403.10 વર્તુળ આધારિત વિવિધ ભાત દોરે છે.	M403.9 પરિકરની મદદથી વર્તુળ દોરે છે.	M402.1 કોઈ વસ્તુના ભાગ તરીકે અપૂર્ણાંકને સમજે છે.	M402.2 અપૂર્ણાંકનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે.	M402.4 અડધો, પોણો, પા જેવા અપૂર્ણાંકોને 1/2, 3/4, 1/4 જેવા ચિહ્નોથી દર્શાવે છે.	M412.1 આકારોમાં જોવા મળતી પેટર્નને સમજે છે. અને આગળ વધારે છે.	M412.2 અંગ્રેજી મૂળાક્ષરો અને અંકો આધારિત પેટર્ન સમજે છે. અને આગળ વધારે છે	M401.16 સંખ્યાત્મક પેટર્નને સમજે છે. અને આગળ વધારે છે.	M401.14 ઘડિયા અને ભાગાકાર આધારિત વ્યાવહારિક કોયડાઓ ઉકેલે છે.	M411.1 1 થી 9 સુધીના ઘડિયાની રચના સમજે છે. અને તેના આધારે મોટી સંખ્યાના ઘડિયા રચે છે.	M407.7 વજનના એકમ તરીકે ગ્રામ અને કિલોગ્રામની સમજ મેળવે છે.	M407.8 ગ્રામનું કિલોગ્રામમાં રૂપાંતર કરે છે.	M407.10 જુદા-જુદા વજનવાળી વસ્તુઓના વજનની સરખામણી કરે છે.	M407.13 વજન આધારિત વ્યાવહારિક કોયડા ઉકેલે છે.	M404.1 વિવિધ આકારોની પરિમિતિ શોધે છે.	M404.3 સમાન ચોરસ ખાનાની મદદથી વિવિધ નિયમિત આકારોનું ક્ષેત્રફળ શોધે છે.	M413.1 કોષ્ઠકમાં આપેલી માહિતીનું અર્થઘટન કરે છે. અને પ્રશ્નોના જવાબ આપે છે.	M413.4 સ્તંભ આલેખ આધારિત પ્રશ્નોના જવાબ આપે છે.	M413.5 માહિતીના આધારે વર્તુળ આલેખની રચના કરે છે.	સત્રાંતે વિદ્યાર્થીઓ એ મેળવેલ જે તે નિશાની ઓની કુલ સંખ્યા			૪૦ માંથી મેળવેલ ગુણ
		1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	√	?	×	

૪. ગાડું અને પૈડા

1 "M403.6 વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસની સંકલ્પના સમજે છે."

નીચે આપેલ આકૃતિના આધારે જવાબ આપો.



૧. કેન્દ્ર – ______________________________

૨. ત્રિજ્યા – ___________________________

૩. વ્યાસ – ____________________________

૪. વર્તુળપરના બિંદુઓ – ___________________________

2 "M403.10 વર્તુળ આધારિત વિવિધ ભાત દોરે છે."

નીચે આપેલ જગ્યામાં અલગ અલગ ત્રિજ્યાના વર્તુળ અને અર્ધવર્તુળનો ઉપયોગ કરી ડિઝાઈન બનાવો.

દા.ત.



3 "M403.9 પરિકરની મદદથી વર્તુળ દોરે છે."

8 સેમી વ્યાસનો વર્તુળ દોરો.

શિક્ષણ સાગર

૭. અડધું અને પા

4 M402.1 કોઈ વસ્તુના ભાગ તરીકે અપૂર્ણાંકને સમજે છે.

જોડકાં જોડો.

	A		B		C	
(૧)	૧/૨	(ક)		(a)	પોણો	
(૨)	૧/૪	(ખ)		(b)	અડધો	
(૩)	૩/૪	(ગ)		(c)	ચા	
(૪)	૧	(ઘ)		(d)	આખો	

5 "M402.2 અપૂર્ણાંકનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે."

(1) હિના પાસે ૧ મીટર રીબીન છે, તેમાંથી તે ચોથા ભાગની રીબીન અનીતાને આપે છે તો તેની પાસે કેટલા સેમી રીબીન બચે?

(2) અનિલ પાસે ૮ ભમરડા છે તેમાંથી ૨ ભમરડા વાદળી રંગના છે, તો વાદળી રંગના ભમરડાને અપૂર્ણાંકમાં દર્શાવો.

(3) ધવલ ૧ કિગ્રા બટાકા લાવ્યો. તેમાંથી તેની પત્નીએ અડધા બટાકાનું શાક બનાવી દીધું તો કેટલા ગ્રામ બટાકા બાકી હશે?

6 "M402.4 અડધો, પોણો, પા જેવા અપૂર્ણાંકોને 1/2, 3/4, 1/4 જેવા ચિહ્નોથી દર્શાવે છે."

- નીચે આપેલ આકૃતિમાં કેટલો ભાગ રંગીન છે, તે જણાવો.

(૧) 

(૨) 

(૩) 

- આપેલ અપૂર્ણાંક અનુસાર આકૃતિમાં રંગપૂરણી કરો.

(૪) $\frac{1}{4}$ 

(૫) $\frac{1}{2}$ 

(૬) $\frac{3}{4}$ 

- માંગ્યા મુજબ જવાબ આપો.



(૭) ત્રિકોણ કુલ આકારનો કેટલામો ભાગ છે?______________________

(૮) ચોરસ કુલ આકારનો કેટલામો ભાગ છે?________________________

શિક્ષણ સાગર

10. પેટર્ન ની રમત

7 "M412.1 આકારોમાં જોવા મળતી પેટર્નને સમજે છે. અને આગળ વધારે છે. "

નીચેની પેટર્નનો પૂર્ણ કરો.

૧. ૧૭,૨૦,૩૭,________________,_____________________,

૨. ૧૦,૨૦,૩૦, ________________,_____________________,

૩. ૫,૧૫,૨૦,૩૫, ________________,_____________________,

૪. ૨,૩,૫, ________________,_____________________,

૫. 

8 "M412.2 અંગ્રેજી મૂળાક્ષરો અને અંકો આધારિત પેટર્ન સમજે છે. અને આગળ વધારે છે"

નીચેની પેટર્નને આગળ વધારો.

૧. ૯ × ૧ = ૯ તે પરથી ૦+ ૯ = ૯ મળે (સૂચન ૯=૦૯ સમજો)

૯ × ૨ = ૧૮ તે પરથી ૧ + ૮ = ૯ મળે.

૯ × ૩ = ૨૭ તે પરથી ૨ + ૭ = ૯ મળે.

______________ તે પરથી ______________મળે.

______________ તે પરથી ______________મળે.

૨. ૯ × ૬ = ૫૪ તે પરથી ૫ + ૪ = ૯ મળે.

૯ × ૬૬ = ૫૯૪ તે પરથી ૫ + ૯ + ૪ = ૧૮ મળે.

૯ × ૬૬૬ = ૫૯૯૪ તે પરથી ૫ + ૯ + ૯ + ૪ = ૨૭ મળે.

______________ તે પરથી ______________મળે.

______________ તે પરથી ______________મળે.

3. ૯ × ૧૧૧ = ૯૯૯ તે પરથી ૦+ ૯ +૯ + ૯ = ૨૭ મળે.

૯ × ૨૨૨ = ૧૯૯૮ તે પરથી ૧ + ૯ + ૯ + ૮ = ૨૭ મળે.

૯ × ૩૩૩ = ૨૯૯૭ તે પરથી ૨ + ૯ + ૯ + ૭ = ૨૭ મળે.

____________ તે પરથી ____________મળે.

____________ તે પરથી ____________મળે.

9 "M401.16 સંખ્યાત્મક પેટર્નને સમજે છે. અને આગળ વધારે છે."

- **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) ૧૩૫, ૩૩૫, ૫૩૫, ૭૩૫,__________________

(A) ૭૩૫ (B) ૮૩૫ (C) ૯૩૫ (D) ૬૩૫

(૨) ૧, ૧, ૨, ૩, ૫, ૮, ૧૩,

(A) ૧૪ (B) ૨૧ (C) ૧૭ (D) ૧૯

(3) ૯A, ૧૦B, ૧૧C, ૧૨A, ૧૩B,..........................

(A) ૧૩E (B) ૧૪B (C) ૫ (D) ૬

(4) નીચેની ભાતનું અવલોકન કરી કહો કે X ની કિંમત શું હોઈ શકે?

૧ ૧

૧ ૨ ૧

૧ ૩ ૩ ૧

૧ × ૬ × ૧

(A) ૧ (B) ૩ (C) ૪ (D) એકપણ નહિ

11. ઘડિયા અને ભાગાકાર

10 "M401.14 ઘડિયા અને ભાગાકાર આધારિત વ્યાવહારિક કોયડાઓ ઉકેલે છે."

(૧૧) તારા ૩૨ મણકાનો ઉપયોગ કરી એક માળા બનાવે છે. તો તે ૧૨૮ મણકા અને ૨૨૪ મણકાનો ઉપયોગ કરી કેટલી માળા બનાવી શકે.

(૧૨) વિક્રમ ૭૦૦ ગુલાબજાંબુ ખરીદવા માટે તે ૩૫ બોક્સ ખરીદે છે દરેક બોક્સમાં ગુલાબજાંબુની સંખ્યા સમાન છે તો દરેક બોક્સમાં કેટલા ગુલાબજાંબુ હશે.

(૧૩) એક પાર્કિંગની જગ્યામાં 3000 કાર પાર્કિંગ કરી શકાય છે. તો આ માટે કુલ 30 હાર કરેલ હોય તો દરેક હારમા કારની સંખ્યા કેટલી હોય?

(૧૪) નિરજ પોતાની કબડ્ડીની ટીમ માટે ૮૦ ટી-શર્ટ ખરીદવા માંગે છે. જો દરેક પેકેટમાં ૧૦ ટી-શર્ટ `હોય તો નિરજે કેટલા પેકેટ ખરીદવા પડે?

(૧૫) મીરાએ બજારમાં વેચવા માટે ૧૪૨૮ પેન્સિલ બનાવી. તે ૭ પેન્સિલનું એક પેકેટ બનાવે છે. તો કુલ કેટલા પેકેટ બનાવશે?

11 "M411.1 1 થી 9 સુધીના ઘડિયાની રચના સમજે છે. અને તેના આધારે મોટી સંખ્યાના ઘડિયા રચે છે."

૧. એક બિલ્ડીંગમાં ૩૫ ફ્લોર છે. દરેક ફ્લોરમાં ૧૦ ફ્લેટ છે. તો બિલ્ડીંગમાં કુલ ફ્લેટની સંખ્યા = ☐

(A) ૩૫ % ૧૦ (B) ૩૫ + ૧૦ (C) ૩૫ × ૧૦ (D) ૩૫ – ૧૦

૨. બે કેન્ડીની કિંમત અનુક્રમે Rs.૨૦ અને Rs.30 છે તો બંને કેન્ડી વચ્ચે તફાવત ☐

(A) 30 – ૨૦ (B) ૨૦ – 30 (C) 30 x ૨૦ (D) 30 + ૨૦

3. ૪૮ : ૮ ☐

(A) ૪૮ - ૮- ૮ - ૮- ૮- ૮ (B) ૪૮ - ૮- ૮- ૮- ૮- ૮ - ૮

(C) ૪૮ - ૮ - ૮ – ૮ – ૮ – ૮ – ૮ (D) ૪૮ – ૮ – ૮ - ૮ – ૮ – ૮ - ૮

૪. એક શાળામાં વર્ગખંડ છે અને દરેક વર્ગખંડને ૪બારીઓ છે તો શાળામાં કુલ કેટલી બારીઓ હશે? ☐

(A) ૧૬ (B) ૮ (C) ૪ (D) ૩૨

૫. ૧૨ કેળા ૪ બાળકોને સરખે ભાગે વહેચવામાં આવેતો દરેક બાળકોને કેટલા કેળા મળે?

(A) ૩ (B) ૪ (C) ૧૨ (D) ૬

શિક્ષણ સાગર

12. કેટલું ભારે ? કેટલું હલકું ?

12 "M407.7 વજનના એકમ તરીકે ગ્રામ અને કિલોગ્રામની સમજ મેળવે છે."

નીચેની વસ્તુઓનું વજન કરવા માટે તમે કયા એકમનો ઉપયોગ કરશો.

વસ્તુનું નામ	એકમ (ગ્રામ / કિલોગ્રામ)
તમારું વજન	
બસનું વજન	
તમારા રમકડાનું વજન	
રાઈના દાણા (૧ વાટકી)	
ચોકલેટ	
હાથી	
પ્યાલો	
પેન	

13 "M407.8 ગ્રામનું કિલોગ્રામમાં રૂપાંતર કરે છે."

નીચેના જોડકાં જોડો.

	અ		બ	જવાબ
(૧)	૧૨ કિગ્રા – ૫૫૦ ગ્રામ – ૨૫ ગ્રામ	(A)	૧૮૭૫૦	(૧)...........................
(૨)	૧૬ કિગ્રા - ૧૨ કિગ્રા – ૪૫૦ ગ્રામ	(B)	૩૫૫૦ ગ્રામ	(૨)...........................

(૩)	૨ કિગ્રા + ૧૬ કિગ્રા + ૭૫૦	(C)	૧૧૪૨૫ ગ્રામ	(૩).........................
(૪)	૧૨ કિગ્રા + ૪ કિગ્રા + ૫૦ ગ્રામ	(D)	૧૬૦૫૦ ગ્રામ	(૪).........................
(૫)	૧ કિગ્રા + ૫ કિગ્રા + ૯૦૦ ગ્રામ	(E)	૩૭૫૦ ગ્રામ	(૫).........................
		(F)	૬૯૦૦ ગ્રામ	(૬).........................

14 "M407.10 જુદા–જુદા વજનવાળી વસ્તુઓના વજનની સરખામણી કરે છે."

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

૧. સાયકલનું વજન ☐

(A) ૯ ગ્રામ (B) ૯૦૦ ગ્રામ (C) ૯ કિગ્રા (D) ૯૦ ગ્રામ

૨. તરબૂચનું અંદાજીત વજન ☐

(A) ૨ ગ્રામ (B) ૨૦ ગ્રામ (C) ૨૦૦ કિગ્રા (D) ૨ કિગ્રા

૩. ગાડીનું અંદાજીત વજન ☐

(A) ૧૦ ગ્રામ (B) ૧૦૦૦૦ ગ્રામ (C) 1000 કિગ્રા (D) ૧૦૦ કિગ્રા

૪. નીચેના પૈકી ભારે પ્રાણી કયું છે? ☐

(૧)  (૨) 

(A) બંને સરખા વજનના (B) ૧ ભારે (C) ૨ ભારે (D) કંઈ કહી શકાય નહી

૫. નીચેના પૈકી સૌથી ભારે કઈ ચીજ છે? ☐

(અ)

(બ)

(ક)

(A) અ ભારે છે.
(B) બ ભારે છે.
(C) ક ભારે છે.
(D) ત્રણેય સરખા વજનના છે.

15 "M407.13 વજન આધારિત વ્યાવહારુ કોયડા ઉકેલે છે."

(1) ૧ કિગ્રા દ્રાક્ષની કિંમત Rs.૧૨૦ હોય, તો ૨૫૦ ગ્રામ દ્રાક્ષની કિંમત કેટલી થાય?

(2) ચીકુનું વજન =........... ગ્રામ =............કિગ્રા .... ગ્રામ
કેરીનું વજન = ... ગ્રામ = ...કિગ્રા .... ગ્રામ
કોનું વજન ઓછું છે?
ચીકુ અને કેરીનું કુલ વજન = ... ગ્રામ = ...કિગ્રા .... ગ્રામ

(3) કવિતાએ ૪ ચાંદીના સિક્કા ખરીદ્યા. તેનું વજન અનુક્રમે ૭૫૦ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ અને ૫૦ ગ્રામ હતું તો તેમણે કુલ કેટલી ચાંદી ખરીદી?

(4) એક લિફ્ટમાં વધુમાં વધુ ૨૨૦ કિગ્રા વજન લઈ જઈ શકાય છે. ચાર વ્યક્તિઓ લિફ્ટમાં જવા માંગે છે. તેમના વજન અનુક્રમે ૫૧ કિગ્રા, ૫૮ કિગ્રા, ૬૫ કિગ્રા અને ૭૦ કિગ્રા છે. શું તેઓ લિફ્ટમાં જઈ શકશે? કેમ?

13. ખેતર અને તેની ફરતે વાડ

16 "M404.1 વિવિધ આકારોની પરિમિતિ શોધે છે."

(1) ત્રણ સળીની લંબાઈ ૧૪ સેમી, ૧૫ સેમી અને ૧૬ સેમી છે, ખુશીએ એ ત્રણેયનો ઉપયોગ કરીને એક ત્રિકોણ બનાવ્યો છે, તો તે ત્રિકોણની હદ શોધો.

(2) એક ચોરસ બાગની લંબાઈ ૧૩૦ મીટર છે. બાગની ફરતે ત્રણ હારવાળી વાડ કરવા કેટલી લંબાઈનો તાર જોઈએ?

17 "M404.3 સમાન ચોરસ ખાનાની મદદથી વિવિધ નિયમિત આકારોનું ક્ષેત્રફળ શોધે છે."

સૂચના નીચે આપેલ આકૃતિમાં કેટલા ચોરસ ખાના સમાયેલ છે. તે ગણો અને લખો.

૧.



૨.



૩.



14. સ્માર્ટ ચાર્ટ

18 "M413.1 કોષ્ઠકમાં આપેલી માહિતીનું અર્થઘટન કરે છે. અને પ્રશ્નોના જવાબ આપે છે."

નીચે એક શાળાના ધોરણ–૪ ના વિદ્યાર્થીઓને પસંદ ટીવી કાર્યક્રમની વિગત આપેલી છે તેના આધારે આલેખ તૈયાર કરો અને પ્રશ્નોના જવાબ લખો.

કાર્યક્રમ	બાલવીર	મોટુ–પતલુ	છોટી આનંદી	જંગલબુક	બબલું–ડબલું
વિદ્યાર્થીઓની સંખ્યા	૧૧	૯	૧૮	૪	૬

૧. કયો કાર્યક્રમ સૌથી વધુ વિદ્યાર્થીઓને પસંદ છે?

....

૨. કયો કાર્યક્રમ સૌથી ઓછા વિદ્યાર્થીઓને પસંદ છે? ....

૩. જંગલબુક કરતા મોટું-પતલું કાર્યક્રમ કેટલા વિદ્યાર્થીઓને વધુ પસંદ છે? ....

૪. બાલવીર કરતાં બબલું-ડબલું કાર્યક્રમ કેટલા વિદ્યાર્થીઓને ઓછો પસંદ છે?.........................

૫. સૌથી વધુ પસંદિત કાર્યક્રમ અને સૌથી ઓછો પસંદિત કાર્યક્રમ વચ્ચે તફાવત કેટલો છે ?...............

19 "M413.4 સ્તંભ આલેખ આધારિત પ્રશ્નોના જવાબ આપે છે."

નીચે આપેલ ચાર્ટ પરથી પ્રશ્નોના જવાબ લખો.



૧. સૌથી વધુ તાપમાન કેટલું છે? કયા માસમાં ? ....

૨. સૌથી ઓછું તાપમાન કેટલું છે? કયા માસમાં? ....

૩. ૩૫° સે. તાપમાન કયા માસમાં છે? .. ..

૪. એપ્રિલ માસ કરતાં જૂન માસમાં તાપમાન કેટલું વધારે છે? ......

૫. માર્ચ માસ કરતાં જાન્યુઆરી માસમાં તાપમાન કેટલું ઓછું છે? ....

20 "M413.5 માહિતીના આધારે વર્તુળ આલેખની રચના કરે છે."

નીચે આપેલા વર્તુળ આલેખ પરથી પ્રશ્નોના જવાબ લખો.



૧. કેટલા બાળકોને આઈસ્ક્રીમ પસંદ છે? ....
(A) એક ચતુર્થાંશ (B) ત્રણ ચતુર્થાંશ (C) એક દ્વિતીયાંશ

૨. કેટલા બાળકોને બિસ્કીટ પસંદ છે? ....
(A) એક દ્વિતીયાંશ (B) ત્રણ ચતુર્થાંશ (C) એક ચતુર્થાંશ

૩. ચોકલેટ પસંદ કરતાં બાળકોનું પ્રમાણ કેટલું છે? ....
(A) ૧/૨ (B) ૧/૪ (C) ૩/૪

૪. જો કુલ બાળકો ૨૦૦ હોય, તો
બિસ્કીટ પસંદ કરતાં બાળકો : ....
આઈસ્ક્રીમ પસંદ કરતાં બાળકો : ....
ચોકલેટ પસંદ કરતાં બાળકો : ....

શિક્ષણ સાગર

આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.

ધોરણ – ૩ CLICK HERE

ધોરણ – ૪ CLICK HERE

ધોરણ – ૫ CLICK HERE

ધોરણ – ૬ CLICK HERE

ધોરણ – ૭ CLICK HERE

ધોરણ – ૮ CLICK HERE



shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર

SHIKSHAN SAGAR

(શિક્ષણ સાગર)

એપ્લીકેશન ની વિશેષતા

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લિકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN શિક્ષણ સાગર APPLICATION